





સમેટે છે જૂનાં પંચને કકળાટ થાય છે!
ને રાજયોમાં પપળાટ ને બબળાટ થાય છે
ચળકાટ છે બાહ્ય કંઇ કરી બતાવવાનો -
ચૂલે આંધણ, ખાલી વાસણનો ખખડાટ છે..
(અચ્છે દિનનું ભોજન કોણ જાણે ક્યારે મળશે??)




રાષ્ટ્રીય ધર્મ,
એ લોકો કહે તે જ -
રાષ્ટ્રીય ગ્રંથ..
(ચૂં-ચાં-નહીં કરવાનું..)

વગાડે તાલે!
ઢોલકી બે બાજુથી -
ઓબામા પણ..
(લ્યો! પાક.નો કાશ્મીરમાં હાથ નથી-)

## ચિંતન

**અચલા કમલા કસ્ય કસ્ય મિત્રં મહીપતિઃ । શરીરં ચ સ્થિરં કસ્ય કસ્ય વશ્યા વારાંગનાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'માં પ્રશ્નો દ્વારા જ સાચું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

લક્ષ્મી, 'ધન-સમૃદ્ધિ' આજ સુધી કોની પાસે સ્થિર રહી છે? અર્થાત લક્ષ્મી ચંચળ છે એ કદાપિ એક જ સ્થાને રહેતી નથી સમય સંજોગ અને બુદ્ધિ પ્રમાણે એ પોતાની ચંચળતા પ્રાપ્ત કરી જ લે છે.

રાજા સ્વાર્થ અને માત્ર પોતાનો જ મતલબ વિચારનારો હોય છે એને કોઇ મિત્ર હોતો નથી. આજના નેતાઓની જેમ ચૂંટણીઓમાં ગમે તેટલું અણછાજતું બોલ્યા હોય છતાં એકમેકની ગરજે એકબીજાને પિતાતૂલ્ય સમજી માન-પાન આપે અને ગરજ સર્યે ઊંડી ખીણમાં ધક્કો પણ દઇ છે.

શરીર પણ ગમે તેટલી સાચવણ રાખો છતાં શ્વાસ નિશ્ચિત જ હોય છે. કોઇ અમરપટ્ટો લખાવી આવ્યું નથી. મરણ નિશ્ચિત જ છે.

વેશ્યા સ્ત્રી સ્વતંત્ર વિહારીણી છે એને કોઇ બંધન-મર્યાદા નડતા નથી. કોઇને વશ થઇને રહેતી નથી.

## સુવિચાર

- ભૂલ પ્રત્યે ધ્યાન દોરો અને જે અકળાઇ જાય તે 'હ્યુમન' છે.. અને જે ભૂલ થઇ છે તેવું સ્વીકારે તે 'સુપરહ્યુમન' છે **- ફાધર વાલેસ**
- જિજ્ઞાસા ઉત્કંઠા એ હંમેશા કાર્યરત અને પ્રવૃત્ત રહેતા દિમાગની કાયમી અને સાહજીક લાક્ષણિકતા છે **- માનસસૂત્ર**
- ભાતૃભાવ, ભાઇચારો ત્યારે જ શક્ય બને જયારે ઉપલબ્ધ તકોની વહેંચણી સમાન રીતે થતી હોય **- સરદાર પટેલ**
- જેમ આપણે સ્વાદ, ...અનુભવ, આવડત કે બુદ્ધિ બીજા વ્યક્તિને ટ્રાન્સફર ન કરીએ તો પછી ભગવાનનો અનુભવ કેવી રીતે ટ્રાન્સફર કરી શકીએ.. તમારે ખુદને જ ભગવાન પર વિશ્વાસ રાખવો પડશે **- સાધુ બ્રહ્મવિહારીજી**
- સફળતા એ સફર છે.. મંઝીલ નહીં... કર્મ એ ઘણીવાર પરિણામ કરતાં વધુ મહત્ત્વનું હોય છે **- આર્થર એશ**
- જેટલો સમય આપણે કોઇ કામની ચિંતામાં લગાડીએ છીએ.. જો એટલો જ સમય એ કામ પાછળ લગાડીશું તો ચિંતા જેવી કોઇ વસ્તુ રહેશે જ નહીં **- હૃદયસૂત્ર**
- કદી કોઇને ય કહેવું નહીં.. કે મને તારામાં વિશ્વાસ નથી **- વિદૂરનીતિ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જે લોકો આળશુ અને આત્મવિશ્વાસ ધરાવતાં નથી. એવાં લોકો 'કામનો ઢગલો' જોઇને જ હતાશ થઇ જાય છે. વાસ્તવમાં કામ એટલું કે એવું કઠિન હોતું નથી. દા.ત. રામો-કામવાળો ન આવ્યો તો કેટલીય શેઠાણીઓ બીપી ઊંચી-નીંચા થઇ જાય. પચ્ચીસ જગ્યાએ જાય-ફોન કરે - એને બદલે જાતે કામ કરવા બેસી જાય તો કામ પુરું થઇ જાય.

રાજાને વઝીરની નિમણૂક કરવી હતી. જે બુદ્ધિમાન-આત્મવિશ્વાસુ હોય - એણે એક લોખંડનો મોટો તોતીંગ દરવાજો બનાવ્યો. અને નાણાં ભંડારના ઓરડાને એ દરવાજો મૂકાવ્યો.

બધા મંત્રીઓ આવ્યા. આવો ભારે તોતીંગ દરવાજો જોઇને જ કેટલાયને પરસેવા થઇ ગયા. કોઇ કહે લુહાર-મિસ્ત્રી-તાળાંકૂંચી વાળાને બોલાવો. આ કંઇ એકલદોકલ વ્યક્તિનું કામ નથી. કોઇએ દરવાજાને સ્પર્શ જ ન કર્યો. નજીક જવાની હિંમત પણ ન કરી.


એક યુવાન દરબારી આવ્યો. અને જયાં ચાવી ભેરવાય ત્યાં ટચલી આંગળી નાખી - અને ચહેરા પર આનંદની રેખા ઊભરાઇ - દરવાજાને ટચલી આંગળીથી ધક્કો માર્યો - બોલ બેરીંગવાળો દરવાજો ઝડપથી સરી ખૂલ્લી ગયો. તાળું-લોક હતું જ નહીં.

અને યુવાન રાજાનો વજીર થઇ ગયો.

કામ-પડકાર જોઇને હારી-હતાશ ન થઇ જવાય.

Email - sureshchandrabhatt18@gmail.com

# સંતાનોને સાચા સંસ્કાર આપવા હોય તો સ્વાર્થ, ઈર્ષા, દંભ, બનાવટ, ગુસ્સો અને અસત્ય... આ બધા અવગુણો ને તાત્કાલિક હાંકી કાઢવા



## મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

## આવો... આપણા સંસ્કારને ઓળખીએ

સંસ્કાર માનવીના જીવનનું સૌથી કિંમતી ધન છે. આ ધન એવું છે કે એને કોઈ ચોરી શકતું નથી, ખરીદી શકતું નથી કે એમાં કોઈ ભાગ પડાવી શકતું નથી. આ સંસ્કાર આપણને વારસામાં મળે છે એ વાત સાચી પણ એ માત્ર બીજ રૂપે મળે છે. જો એ બીજની ગુણવત્તા સારી હશે તો જ સારા સંસ્કારનું વૃક્ષ આપણી અંદર ઊગી શકશે. 'સારા સંસ્કાર એટલે શું ?' સારા વિચારો, આદર્શો, કાર્યો, પ્રવૃત્તિઓ, સારી વાણી, સારા વર્તન-વ્યવહાર, માણસાઈ ને સાચો માનવધર્મ... આ બધુ સારા સંસ્કારોનું પ્રતિબિંબ છે. બાકી ધર્મની મોટી મોટી વાતો કરવી, મંદિરો-દેરાસરોમાં જવું, ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી, માળાઓ ગણવી, વ્રત-ઉપવાસો કરવા અને કોઈ વ્યક્તિનું દિલ દુભાવવું, કોઈનું અપમાન કરવું... એનાથી મોટા અસંસ્કાર બીજા કોઈ નથી.

આજે યુગ બદલાઈ રહ્યો છે. માનવીય સંબંધોનું મૂલ્ય તળિયે બેઠું છે. ઘેર-ઘેર સંઘર્ષ, તનાવ, ઝગડાઓ વધી રહ્યા છે. નાની નાની વાતોમાં સ્વભાવગત અહમ ટકરાયા કરે છે અને સંબંધોની મજબૂત દિવાલોમાં મોટી તિરાડો પડતી જાય છે. આજે પતિ-પત્ની વચ્ચે બાપ-દીકરા વચ્ચે સતત તનાવ-સંઘર્ષ જોવા મળે છે કારણ કે સ્વભાવગત અહમ, ઈર્ષા, સ્વાર્થ, ક્રોધ આવા બધા વિકારો વ્યક્તિના સંસ્કારોનો નાશ કરે છે અને સારા સંસ્કારોને વ્યક્તિત્વમાં પ્રવેશવા જ દેતા નથી. આજે કેટલાંય કુટુંબો એવા છે જેના પિતા વૃદ્ધ થયા હોય, એકલા રહેતા હોય, ધંધો બરાબર ચાલતો ન હોય અથવા નોકરીમાંથી નિવૃત્ત થતા આવક મર્યાદિત, હોય, પોતે પણ થોડા અશક્ત હોય છતાંય પુત્રને કહી શકતા નથી કે "બેટા, હું હવે કામ કરી શકતો નથી મારે સહારાની જરૂર છે અથવા કોઈ પિતા અહમને કારણે, સ્વભાવને કારણે પુત્ર સાથે રહેવા તૈયાર નથી અને પુત્ર એમ વિચારે કે એ બાપ છે ગમે ત્યારે આવી શકે છે. ગમે તેટલું રહે આ એમનું જ ઘર છે. હું ભેગા રહેવાની ક્યાં ના કહું છું... અને આમ જ પિતા-પુત્ર વચ્ચેની સંવેદના-લાગણીનું સ્તર નીચે ઉતરતું જાય છે. આવા સંઘર્ષનો ઉકેલ શું ? શું પિતા પોતાના પુત્રના સ્વભાવને માફ ન કરી શકે ? કેમકે પોતાના પુત્રમાં આજે જે સંસ્કારો છે એના મૂળ તો એ પિતાશ્રીમાં જ છે. પિતાએ જો સારા સંસ્કાર આપ્યા હોત તો આજે સંબંધની આ અવદશા ન હોત. બીજા પક્ષે જોઈએ તો, પિતા એ પિતા છે, એ હવે જીવ્યા તેટલું જીવવાના નથી. તેઓ પોતાનો સ્વભાવ બદલી શકવાના નથી. 'પાકા ઘડે કાંઠા ન ચડે' કહેવત અનુસાર વાસ્તવિક સત્ય સ્વિકારીને શું પુત્રની ફરજ નથી બનતી પોતાનો સ્વભાવ બદલવાની ? અથવા પિતાના-માતાના સ્વભાવને સહન કરવાની ? આજે સમાજમાં ઘણા એવા પુત્રો છે જેમણે નજીવા કારણોસર માતા-પિતાનો ત્યાગ કર્યો છે. ખાસ તો લગ્ન પછી પત્ની આવતા આવા કિસ્સાઓ બને છે. પરંતુ પુત્ર એ ભૂલી જાય છે કે જે માતાએ નવ મહિના પોતાના ગર્ભમાં સાચવીને પોતાને રાખ્યો છે અને અસહ્ય વેદના સહન કરીને જન્મ આપ્યા પછી શરૂના આઠ-દસ વર્ષ કે યુવાન થાય ત્યાં સુધી પોતે ભૂખી રહીને પુત્રને ખવડાવ્યું છે. ટાઢ-તડકો, વરસાદ, જીવજંતુ વગેરેથી રક્ષણ કર્યું છે, ભણાવ્યો છે, પરણાવ્યો છે એ જ મા-બાપને એ જ દીકરો યુવાન થઈ હાંકી કાઢે એ કંઈ દુનિયાના સંસ્કાર છે? માતા-પિતા ગમે તેવા હોય શું પુત્રની ફરજ નથી એમની સાથે સદ્ભાવ ભર્યો વ્યવહાર રાખવાની ? વૃદ્ધ મા-બાપ કદાચ ૬૦/૭૦ વર્ષથી એક જ પદ્ધતિએ જીવ્યા હોય, એક જ ઘરમાં, એક ચક્રી શાસનથી રહ્યા હોય એ કદાચ સમય સાથે ન બદલાઈ શકે. આ યુગ સાથે તાલમેલ ન મેળવી શકે, આપણે જાણીએ છીએ કે એમણે બદલાવું જોઈએ. સ્વભાવમાં પરિવર્તન લાવવું જોઈએ એ પણ સત્ય છે. પરંતુ ધારો કે પરિવર્તન નથી લાવતા તો શું પુત્રની એ ફરજ નથી કે થોડા વર્ષો એમને સહન કરે ! મા-બાપ કદાચ આજની નવી સંસ્કૃતિને નથી સ્વિકારી શકતા, ઘરમાં ટક ટક કર્યા કરે છે. બાળકોને-વહુઓને સતત ટોક્યા કરે છે અને સામે પુત્ર-વહુ એમની સાથે ઝઘડ્યા કરશે તો...? આ ક્રમ ચાલ્યા જ કરશે. કેમકે આજનો યુવાન પુત્ર પણ ૫૦/૬૦ વર્ષે વૃદ્ધ થવાનો છે. એ વખતે એ પણ નવી સંસ્કૃતિને નહીં સ્વિકારી શકે ત્યારે પાછો એ જ સંઘર્ષ થશે. માટે આવનાર પેઢીનો સંઘર્ષ ટાળવો હોય તો મા-બાપને આદર્શ માની એમના સાચા-ખોટા ગમે તેવા વર્તન-વ્યવહારને સહન કરીને, યોગ્ય તક મળે ત્યારે સારી ભાષામાં-સરળ રીતે વિવેકથી મા-બાપને સમજાવી શકાય છે અને જો છતાંય મા-બાપ ના બદલાય તો પુત્રએ પોતાનો સ્વભાવ બદલવો જોઈએ. એ જ સાચા સંસ્કાર છે. માત્ર પોતાના સંતાનોને સારી સ્કૂલોમાં ભણાવવા, વિવિધ પ્રવૃત્તિઓ કરાવવી, મોજશોખ કરાવવા એ સાચા સંસ્કાર નથી. જો આપણે આપણા જ માતા-પિતાને તિરસ્કૃત કરીશું-અપમાનિત કરીશું. આપણો એ વ્યવહાર આપણા સંતાનો જૂએ છે. કાલ સવારે આપણે પણ વૃદ્ધ થઈશું. આપણા સંતાનો પણ આપણી સાથે એવો વ્યવહાર નહીં કરે એની ખાત્રી શું ? આપણા આજના સંસ્કારો-વિચારો આવતીકાલે આપણા સંતાનોમાં ઉતરવાના જ છે. એક વાત નિશ્ચિત છે સત્ય છે કે આ માનવ જન્મમાં સારા-નરસા, કાર્યનો બદલો પ્રકૃતિ (ઈશ્વર) આપણને શક્ય તેટલો ઝડપથી અહીંયા જ આ જન્મમાં જ આપે છે. માનતા હોઈએ કે ન માનતા હોઈએ પણ આપણા પાપ-પૂણ્યનો હિસાબ આપણે આ જન્મમાં જ ચૂકતે કરીને જવાનું હોય છે. વળી ઈશ્વર અણસમજમાં કરેલી ભૂલ માફ કરે છે. પણ જાણી જોઈને કરેલી ભૂલ ક્યારેય માફ નથી કરતો.

મા-બાપે પણ યાદ કરવું જોઈએ કે પોતાની આવી કપરી પરિસ્થિતિનું કારણ ખૂદ પોતે તો નથી ને ? પોતે યુવાન હતા ત્યારે પોતાના મા-બાપ સાથેનો પોતાનો વ્યવહાર કેવો હતો ? શક્ય છે કે એ જ ચક્ર ફરીથી, ફરી રહ્યું હોય...! તો પછી પુત્રનો દોષ નથી પોતાનો દોષ છે એમ સમજી સહન કરવું જોઈએ અથવા સ્વભાવ બદલી સમાયોજન સાધવું જોઈએ. સમજદાર પુત્રએ થોડું વિશેષ સમજીને સહન કરીને આ ચક્રને અહીં જ અટકાવી દેવું જોઈએ. નહિંતર કાલે સવારે ફરીથી આ ચક્ર એમ જ ફરતું રહેશે અને પોતે પણ... આવા જ કિસ્સાઓ પતિ-પત્નીમાં પણ થાય છે.

આપણે જો આપણા સંતાનોને સાચા સંસ્કાર આપવા હોય તો સ્વાર્થ, ઈર્ષા, દંભ, બનાવટ, ગુસ્સો અને અસત્ય... આ બધા અવગુણો ને તાત્કાલિક હાંકી કાઢવા પડશે અને દરેક જીવ માત્રને પ્રેમ કરતા શીખવું પડશે અને શિખવવું પડશે. આપણી ભાષા-વર્તન અને વ્યવહાર પણ આપણા સંસ્કાર પ્રગટ કરે છે. આપણી અંદર ગમે તેટલી સચ્ચાઈ હશે, લાગણી હશે, સંવેદનાઓ હશે પણ આપણી ભાષા અશિષ્ટ હોય, અસભ્ય-અભદ્ર હોય તો બધું જ વ્યર્થ છે. આપણે જાણીએ છીએ કે આપણા મા-બાપ એમની યુવાનીમાં પોતાનો સ્વભાવ નથી બદલી શક્યા અને આપણે પણ જો આજનો આવો સ્વભાવ બદલી નહીં શકીએ તો કાલ સવારે આપણા બાળકો પણ એમનો સ્વભાવ નહીં બદલે અને વારસાગત સંસ્કારનું આ ચક્ર ચાલ્યા જ કરશે.

આજે ઘણા મા-બાપ એવા છે કે જેઓ અહીંયા નાના ગામડાઓમાં કે શહેરમાં એકલા દુઃખી હાલતમાં રહે છે. ખેતી કરે છે. મજૂરી કરે છે, ભીખ માગે છે અને એમના પુત્રો વિદેશોમાં કરોડપતિ થઈને ફરે છે. કેમકે માતા-પિતા કે પુત્ર કોઈ બદલાવા તૈયાર નથી. પરિવર્તન એ જગતનો નિયમ છે. પર્વતો, નદીઓ, મહાસાગરો, સૂર્ય, ચંદ્ર બધું જ બદલાતું હોય, પરિવર્તન પામતું હોય તો આપણો સ્વભાવ કેમ નહીં ? માતા-પિતાએ એ સમજવું જોઈએ કે ૫૦/૧૦૦ વર્ષ પહેલા હતું તે આજે નથી અને પુત્રએ એ સમજવું જોઈએ કે આજે છે તે આવતા ૫૦/૧૦૦ વર્ષ પછી નહીં હોય. જ્યાં પ્રાથમિક સમજ નથી ત્યાં હંમેશાં કલેશ-ઝઘડાઓ જ થાય છે, અશાંતિ ફેલાય છે. માટે સમજદારી, થોડું જતું કરવાની ભાવના, અને થોડી સહનશક્તિ આપણામાં ઉતારીશું તો આપણે સંતાનોમાં પણ એ આપોઆપ આવશે અને સંઘર્ષ, તનાવ, અશાંતિનું ચક્ર અટકી જશે. નવો સૂર્ય ઉગશે, પ્રેમ-લાગણી અને સદ્ભાવના આખા ઘરમાં પ્રકાશની માફક પ્રસરી જશે અને આપણને લાગશે કે ના, ખરેખર જીવન જીવવા જેવું છે.

તો, આવો આપણે સૌ સાથે મળીને આપણામાં સારા સંસ્કારોનો વિકાસ થાય, આપણા વિચારો શુદ્ધ અને પવિત્ર બને, આપણી ભાષા મૃદુ અને મીઠી બને એવી પ્રભુને પ્રાર્થના કરીએ.

# આજે લેખન-સ્પર્ધાનું પરિણામ આપવાનું હતું, ગઈકાલે કોલેજમાં બધાએ લખેલ લેખમાં જેનો લેખ સિલેક્ટ થાય તેને પ્રથમ ઈનામ મળવાનું હતું, અને એ લેખ જાણીતા મેગેઝીનમાં છપાવાનું હતું

## વાર્તા
## નિરુત્તર

- પદ્મા મિસ્ત્રી

'બેટા, આશા આજે થોડીક વહેલી ઊઠી જાય તો સારું'

'પણ, મમ્મી આજે તો રજાનો દિવસ છે. ઓફિસે કયાં જવાનું છે, તો વહેલી ઊઠાડે છે?' આળસ મરડતા પથારીમાં પડ્યાં-પડ્યાં જ આશા બોલી. આશા વાત એમ છે કે... થોડુંક અટક્યા પછી આરતીબહેને ઉમેર્યું, 'આજે દસ વાગે ઘરે મહેમાન આવવાના છે.'

'મહેમાન?' આશા સફાળી બેટી થઈ ગઈ પરંતુ, મમ્મીને કંઈ પૂછે એ પહેલાં જ પપ્પાનો અવાજ સાંભળી આરતીબહેન ત્યાંથી ચાલ્યા ગયા. રજાના દિવસે પણ પોતાની ઊંઘ બગાડનાર મહેમાન વિશે કંઈક બબડતી આશા પણ પથારીમાંથી ઊભી થઈ અને બાથરૂમમાં ઘૂસી ગઈ, ફ્રેશ થઈ અને ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ.

મોકો જોતાં જ પપ્પાએ વાતની શરૂઆત કરી. 'બેટા, અમદાવાદમાં મારા એક મિત્ર રહે છે, રમેશભાઈ. અને એમની જ સોસાયટીમાં રોહિત પણ રહે છે, તેથી તે રોહિતને સારી રીતે ઓળખે છે.'

'કોણ રોહિત, પપ્પા?' કંઈ જ સમજાવતા આશા બોલી ઊઠી. રોહિત આપી મૃત્યુ પામી હતી. એ પણ પોતાના માટે યોગ્ય પાત્રની શોધમાં જ છે તો આજે રમેશભાઈની જોડે એને પણ ઘરે બોલાવ્યો છે.

'એટલે તમે મારાં બીજા લગ્ન વિશે વિચારો છો, એમ જ ને પપ્પા?' મેં તમને પહેલાં પણ કહ્યું હતું કે હવે મારે બીજા લગ્ન કરવા નથી હું હવે એકલી જ રહેવા માંગુ છું. તો પણ...

આરતીબહેન વચ્ચે જ બોલી ઉઠ્યા. 'આશા, પણ હજુ તારી ઉંમરપણ શું છે? તેવીસમાં વર્ષે તારા લગ્ન થયા અને બે જ વર્ષમાં વિધવા! હજુ તો માંડ તને પચ્ચીસ વર્ષ થયા છે. બેટા, હજુ તો તારી લગ્ન કરવાની ઉંમરે આટલું મોટું દુઃખ...' ડૂમો ભરાઈ જતા તે વધુ ન બોલી શક્યા.

'પરંતુ, મમ્મી મહેમાનને બોલાવવા પહેલાં મને પુછવું તો હતું ને?'

'બે દિવસમાં બધું એટલું જલ્દી બની ગયું કે... અને તું પણ સવારે વહેલી ઓફિસે ચાલી જાય અને સાંજે થાકી-પાકી સૂઈ જાય. વાત કરવાનો મોકો જ ન મળ્યો, પણ બેટા, એકવાર તું રોહિતને જોઈ લે બધી રીતે તને યોગ્ય લાગે તો આગળ વિચારીશું. તારા પણ કોઈ પણ જાતનું દબાણ નથી.'

'મમ્મી, હું નોકરી કરું છું. સાથે મને વાંચવા-લખવાનો શોખ પણ છે. તમે બંને પણ મારી સાથે છો અને હું પરેશની યાદોના સહારે જીવી લઈશ પણ હવે મને બીજા લગ્ન કરવાની જરાય ઈચ્છા નથી.' આ સાંભળી આશાના પપ્પા મયંકભાઈ ઊભા થયાં અને દીકરીના માથે હાથ ફેરવતાં બોલ્યા, 'તારી વાત સાચી છે, બેટા, પરંતુ તું અમારું એકલું સંતાન છે. જે દિવસે અમે બંને નહિ રહીએ એ દિવસે તારે પણ કોઈક સહારો તો જોઈએ ને? રોહિત પણ એનાં માતાપિતાનું એક જ સંતાન છે અને તેના માતાપિતાના મૃત્યુ પછી એ પણ પોતાના માટે સહારાની શોધમાં છે. તેના પિતાનો બિઝનેશ એકલા હાથે સંભાળે છે અને બેટા, નાની દીકરીના લીધે તને પણ સારું પણ લાગશે. અમારી હયાતીમાં તું બીજા લગ્ન કરીને સુખેથી રહે તો અમને પણ તારી ચિંતા ન રહે.' આશા વધુ ન બોલી શકી. બરાબર દસના ટકોરે પપ્પાના મિત્ર રમેશભાઈ અને રોહિત બંને આવી પહોંચ્યા. થોડીક ઔપચારિક વાતો પછી રમેશભાઈ એ જ કહ્યું કે, 'જા, રોહતિ તું અને આશા બંને ખુલ્લા દિલે ચર્ચા કરી લો તે વધારે સારું રહેશે.' મમ્મીનો ઈશારો થતાં આશા ઊભી થઈ અને અંદરના રૂમમાં જવા લાગી. રોહિત પણ તેને અનુસર્યો. રૂમમાં સામે જ સરસ રીતે ગોઠવાયેલા પુસ્તકો પર નજર પડતાં રોહિત બોલ્યો.

'તમને વાંચવાનો બહુ શોખ લાગે છે?'

'હા' આશા એ ટૂંકો જવાબ આપ્યો.

'અરે, હા રમેશભાઈ કહેતા હતા કે તમે ઘણું સારું લખો પણ છો અને તમારું લખાણ પેપર તથા સામયિકમાં છપાય પણ છે.'

'હા, શોખ છે તો થોડુંક લખી પણ લઉં છું.'

થોડીક ચુપકીદી બાદ રોહિત બોલ્યો, 'મારું નામ રોહિત છે. મમ્મી-પપ્પાનું એકમાત્ર સંતાન છે. અમે મમ્મી પપ્પાના મૃત્યુ બાદ પપ્પાનો બિઝનેશ સંભાળું છું. મારે એક છ મહિનાની બેબી છે. આ સિવાય તમારે કંઈ જાણવું હોય તો પૂછી શકો છો.' આશા નકારમાં માથું હલાવતાં બોલી. 'રમેશ અંકલ જોડેથી તમારા વિશેની માહિતી પણ બધી મળી ગઈ છે.'

'મહેમાનોની વિદાય પછી આશા અંદરથી દરવાજો બંધ કરી પોતાના રૂમમાં ભરાઈ ગઈ. આજે તેને પરેશની ખૂબ જ યાદ આવી રહી હતી. ભલે પરેશ સાથેનું તેનું લગ્નજીવન બે જ વર્ષનું રહ્યું હોય પરંતુ કોલેજના ત્રણ વર્ષ મળી પાંચ વર્ષથી તે પરેશને સારી રીતે જાણતી હતી. આ પાંચ વર્ષના ગાળામાં પરેશે તેને ઘણું બધું આપ્યું હતું. કોલેજની તેમની મિત્રતા અંતે લગ્નમાં પરિણમી હતી અને પરેશ પણ પોતાની જ્ઞાતિનો જ હોવાથી કોઈએ એમાં વાંધો પણ ઉઠાવ્યો ન હતો. પરેશ એક સાહિત્ય-પ્રેમી હતો અને પરેશે જ આશામાં પણ સાહિત્ય શોખનું સિંચન કર્યું હતું. પરેશ સાથેના લગ્નજીવનથી તે ખુબ ખુશ હતો. પરેશ તેને કોઈ પણ વાતે ઓછું આવવા દેતો ન હતો. પરંતુ આશાનું આ સુખ ઝાઝું ટક્યું નહિ. અને એક વિમાન-દુર્ઘટનામાં પરેશ તેને છોડી હંમેશ માટે ચાલ્યો ગયો. પરેશ વિનાના એ ઘરમાં આશા મારે રહેવું મુશ્કેલ હતું તેથી તે કાયમ માટે પોતાના મમ્મી-પપ્પાના ઘરે આવી ગઈ. નોકરી ચાલુ કરી અને બે-ત્રણ સામયિકમાં લખવાનું ચાલુ રાખ્યું, જેથી પરેશે આપેલ શોખને તે સંતોષી શકે. મમ્મી-પપ્પાના આગ્રહને વશ થઈને તેને કમને પણ બીજા લગ્ન માટે તૈયાર થવું પડ્યું. રોહિત પણ પહેલી નજરે ગમી જાય તેવો હેન્ડસમ અને નમ્ર લાગતો હતો. આશાએ વિચાર્યું કે નાનકડી દીકરીને સહારે જીવી લેવાશે. ખૂબ જ સાદાઈથી લગ્ન લેવાયું.'

પાંચ વર્ષ તો બધું બરાબર ચાલ્યું. પરંતુ પછી ધીરે ધીરે પતિનાં લક્ષણો દેખાવા લાગ્યા. રોહિત વાત વાતમાં રોક-ટોક અને શંકા-કુશંકા કરવા લાગ્યો. કયાંક પણ જવાની વાત કરવામાં આવે તો તે હજાર સવાલ પૂછી નાખતો કે, 'કયાં જવું છે?' 'શા માટે જવું છે?', 'કોની સાથે જવું છે?' વગેરે.. વગેરે... આશા રોહિતના આવા સ્વભાવ અને વર્તનથી કંટાળી જતી. ઘણીવાર તો કયાંક જવાનું હોય તો પણ ટાળી દેતી. નાનકડી રીંકુ માટે તે સહન કરી લેતી. તે વિચારતી કે એમાં રીંકુનો શો વાંક? લગ્ન બાદ રોહિતે રીંકુના ઉછેર માટે નોકરી તો છોડાવી દીધી હતી પરંતુ આશાએ એમ વિચારીને લખવાનું ચાલું રાખ્યું હતું કે પ્રવૃત્તિમય તો રહી શકાય છે અને પરેશના સ્વપ્ન ને પણ સંતોષ આપી શકાય છે. લખવામાં કયારેક વિશ્વાસઘાત કે પછી દગાની વાત લખાઈ હોય તો તે વાંચી રોહિત એકદમ ગુસ્સે થઈ કહેતો કે તું પણ મને આવું જ કરવાની ને? અને જો બે વ્યક્તિના પ્રેમ-મિલનની વાત લખાઈ હોય તો કહે કે તું પણ મારી પાછળ કોઈકને પ્રેમ કરતી લાગે છે, નહિ તો રોમાન્સ વિશે આટલું સરસ અનુભવ વિના થોડું લખી શકાય? આશા તેને ચોખવટ કરતાં કહેતી કે, 'આ તો કલ્પના માત્ર છે, બીજું કંઈ નહીં. પરંતુ કોઈપણ ચોખવટ કે સમજાવટ રોહિતના ગળે ઊતરતી નહી. ઘણીવાર તો આ બધી વાતોથી તંગ આવી જઈ આશાને સંભળાવી દેવાનું મન થતું કે હા, આ બધી હકીકત જ છે, હું કોઈકની સાથે પસાર કરેલી વાતો જ લખું છું. પરંતુ ઝઘડાનું ઉગ્ર સ્વરૂપ થવાની બીકે તે ચૂપ રહેવાનું પસંદ કરતી.'

ઘણીવાર તો રોહિત ગુસ્સે થઈને સંભળાવી પણ દેતો કે આ બધું લખવાનું બંધ કરી દે, પરંતુ આશા પરેશના સપના ને તૂટવા દેવા માગતી ન હતી, તેથી શક્ય ેટલું સહન કરીને પણ થોડું ઘણું લખવાનું પકડી રાખ્યું હતું. પરંતુ રોજેરોજના આવા ઝઘડાઓથી તંગ આવીને આશાએ જાતે જ લખવાનું બંધ કરીને પતિની ઈચ્છાને માન આપી દીધું. તેણે હવે સમગ્ર ધ્યાન અને સમય રીંકુ માટે સમર્પિત કરીને જિંદગી જીવવા લાગી. રીંકુને તેણે કયારેય લાગવા દીધું નહીં કે તે તેની સગી મા નથી અને રીંકુ પણ તેને એટલું બધુ ચાહતી હતી કે આશાને કયારેય એ વાતનું દુઃખ થયું ન હતું કે ભગવાને તેને નિઃસંતાન રાખી છે.

સમય પસાર થતાં કયા વાર લાગે છે. રીંકુ પણ હે તો કૉલેજમાં આવી ગઈ હતી. કહેવાય છે કે જયારે જિંદગીમાં બધા દરવાજા બંધ થઈ જાય ત્યારે ભગવાન ચોક્કસ એક દરવાજો ખોલી આપે છે. આશાની જિંદગીમાં પણ કંઈક આવું જ બન્યું. આકસ્મિક ગણો કે ગમે તેમ પણ રીંકુને પણ સાહિત્યનો પ્રેમ ચડવા લાગ્યો અને ધીરે ધીરે એ પણ આશાની જેમ જ લખવા વાંચવામાં હોંશિયાર બની ગઈ. હવે તો એનું લખાણ પણ છપાવા લાગ્યું હતું. પોતાની અધૂરપ રીંકુ પુરી કરી રહેલી જોતાં આશાને ખૂબ જ આનંદ થતો. સૌથી નવાઈની વાત તો એ હતી કે રોહિત પણ દીકરીની લખાણ - પ્રવૃત્તિથી ખુબ ખુશ થતો હતો અને તેમાં આગળ વધવા પ્રોત્સાહિત કરતો હતો. ઘણીવાર આ બધું જોઈને આશાને ખૂબ લાગી આવતું કે પોતાની સાહિત્ય પ્રવૃત્તિને અકાળે બંધ કરાવી દેનાર રોહિતને પોતાની પુત્રી લખે એમાં જરાય વાંધો ન હતો. પરંતુ પોતાના મનને મનાવી લેતી.

આજે લેખન-સ્પર્ધાનું પરિણામ આપવાનું હતું. ગઈકાલે કોલેજમાં બધાએ લખેલ લેખમાં જેનો લેખ સિલેક્ટ થાય તેને પ્રથમ ઈનામ મળવાનું હતું. અને એ લેખ જાણીતા મેગેઝીનમાં છપાવાનું હતું. રીંકુ જયારે ઘરમાં પ્રવેશી ત્યારે તેના હાથમાં મેગેઝીન અને ચહેરા પરની ખુશી જોઈને આશાને તરત ખ્યાલ આવી ગયો કે રીંકુ પ્રથમ ઈનામ જીતી ગઈ છે. રીંકુના હાથમાંથી મેગેઝીન લઈ તેણે લઈ વાંચ્યા. ખરેખર રીંકુ એ ખૂબ જ સુંદર લખ્યું હતું. તેને ખૂબ જ આનંદ થયો. સાંજે જયારે રોહિત ઘરે આવ્યો ત્યારે રીંકુ એ ખૂશ થઈ પપ્પાને સમાચાર આપ્યા અને હાથમાં મેગેઝિન પકડાવી દીધું. રોહિતે જયારે છપાયેલ લેખ વાંચ્યો ત્યારે તેની ખુશીનો પાર ન રહ્યો. રીંકુની પીઠ થાબડતાં બોલ્યો કો, 'શાબાશ, બેટા મને વિશ્વાસ હતો કે તું પણ એક દિવસ તારા પપ્પાની જેમ ચોક્કસ સફળ થઈશ. તારા લેખનું વર્ણન એકલું સરસ છે કે વાંચનાર તેમાં એકરસ થઈને વહેવા લાગે. તારું લખાણ ખુબ જ સુંદર અને વાસ્તવિક લાગે છે, કલ્પનાનો કયાંક અવકાશ નથી બેટા, મને તારા પર ગર્વ છે.'

રાત્રે જયારે આશા બેડરૂમમાં ગઈ ત્યારે રોહિત ફરી ફરીને રીંકુ નો લેક વાંચી રહ્યો હતો. પલંગમાં બેસતાં આશાએ કહ્યું, 'ખરેખર, રીંકુ એ ખૂબ જ સરસ લેખ લખ્યો છે. મને પણ તેના પર ગર્વ છે. પરંતુ, રોહિત, મને એક વાત હજુ સમજાતી નથી કે કોઈ પણ લખાણ માત્ર કાલ્પનિક રીતે લખાતું નથી એવું તો તમે પણ માનો છો. તો પછી રીંકુએ 'એક વેશ્યાની દર્દનાક વ્યથા' આ વિષય પર આટલું બધું સરસ કેવી રીતે લખ્યું હશે?'

બિચારો રોહિત શું ઉત્તર આપે?

# ચાર પુરૂષાર્થ - તેનું હાર્દ

**ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થનું આગવું પ્રાધાન્ય છે. હકીકતમાં તો આ ચાર પુરૂષાર્થના પાયા ઉપર જ વૈદિક સંસ્કૃતિની ઇમારત ઊભી છે. પરંતુ બહુજન સમાજ આ શબ્દોથી પરિચિત હોવા છતાં તેને એનું હાર્દ ધ્યાનમાં નથી આવતું. અને એનું પણ કારણ છે, કે આજ ધર્મ, વિધિ વિધાનના ક્રિયાકાંડોમાં એવો અટવાઇ ગયો છે કે તેનું શુદ્ધ સાચું સ્વરૂપ લોકોના ધ્યાનમાં આવતું નથી. વાસ્તવમાં ધર્મ એ એવું તત્ત્વ છે કે જેના અનુશીલનથી માણસ સંસારમાં રહીને પણ તેના જીવન પ્રવાહને ઇશતત્ત્વ સુધી લઇ જઇ શકે છે.**

**દિવાળીના દિવસોમાં લોકો દીવડા પ્રગટાવે છે. એ દીવડાનું કોડિયું, તેલ, દિવેટ તથા જયોત એ ચાર વાતો હોય છે.**

**જેમ કોડીયું દીવાનો આધાર છે તેમ ધર્મ એ માનવી જીવનનો આધાર છે, અને કોડિયાના આધારે તેલ, વાટ, જયોતિ છે તેમ ધર્મના આધારે અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થ છે.**

**'અર્થ' એ કોડિયાનું તેલ છે એટલે ધર્મની મર્યાદામાં રહીને મેળવેલી સંપત્તિ કોડિયામાં રહેલું તેલ છે. આપણા કોડિયામાં તેની મર્યાદા (માપ) કરતાં વધારે તેલ પૂરતા નથી. પરંતુ કોડિયાના માપનું ધ્યાન ન રહે અને તેમાં તેલ રેડ્યા કરીએ તો પરિણામે નુકશાન જ થવાનું છે. તેમ ધર્મની મર્યાદા બહારની સંપત્તિ માનવીને વિલાસી અને ભોગી બનાવે છે અને પરિણામે તેનો વિનિપાત થાય છે.**

**એ જ રીતે દીવાની વાટ ઉપર નજર રાખીશું તો જણાશે કે વાટ તેલમાં રહેવા છતાં તેમાં ડૂબી નથી જતી. જો ડૂબી જાય તો દીવો બૂઝાઇ જાય. તેવી રીતે 'કામના'ની વાટ પણ જીવનની ભોગલાલસામાં ડૂબી, જવી ન જોઇએ. હજુ વધુની ઝંખના જ એ વાટને ડૂબાડી દે છે અને જયોતિ બૂઝાઇ જાય છે.**

**આમ ધર્મ દ્વારા સંયમિત અર્થ એટલે કે સંપત્તિ તથા નિયંત્રિત કામોપભોગ જીવનને ઉન્નત બનાવી મુક્તનો રાહત પ્રકાશિત કરે છે.**

**તેથી તો ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે 'ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોઽસ્મિ ભરતષર્ભ' ધર્મથી અવિરુદ્ધ 'કામ' એ મારું જ રૂપ છે.**

**ધર્મની મર્યાદા રાખી સમગ્ર જીવનવ્યવહાર કરવો જરૂર છે. પછી તે આર્થિક યા કામોપભોગનો હોય તો પણ ધર્મના લીધે માનવી જીવનનું ઊર્ધ્વીકરણ થાય છે. જેમ દીપજયોતિથી અંધકાર નાશ પામે છે તેમ ધર્મ જીવનનો અંધકાર નાશ કરી માનવીને આસુરી વૃત્તિના પ્રભાવથી બચાવે છે. ટૂંકમાં ધર્મનું કોડિયું તેમાંનું તેલ એટલે કે અર્થ અને દિવેટ એટલે કામના - અને તે દિવેટની કાળજી રાખવામાં આવે તો મોક્ષની જયોત આપમેળે પ્રગટે છે.**